# તાલીમ | 36 દેશોના પ્રતિનિધિને ઈડીઆઈનું માર્ગદર્શન મળ્યું

અમદાવાદ | આંતરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ટ્યુનિશિયા, મ્યાનમાર, ઝામ્બિયા, અફઘાનિસ્તાન, આર્જેન્ટીના, ઈથોપિયા, ફીજી જેવા 36 વિકાસશીલ દેશોના 73 પ્રતિનિધિઓને કૃષિ ક્ષેત્રે ઉદ્યોગસાહસિકતા અને રોજગારની તકો ઉભી કરવા અંગે તાલિમ આપવામાં આવી હતી. છ સપ્તાહની આ તાલિમ ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા હાથ ધરાયેલા ઈન્ડીયન ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કો-ઓપરેશન પ્રોગ્રામ અંતર્ગત યોજવામાં આવી હતી.